Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૩ • તા. ૧૮ જાન્યુઆરી ૨૦૧૬ થી ૨૪ જાન્યુઆરી ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## અભિનંદન...

## KDO GLOBAL SUMMIT TEAM OF BANGALORE




## YOUR WHOLE HEARTED DEDICATION & ENTHUSIASM BROUGHT LAURELS TO

KDO GLOBAL SUMMIT

IT & EMERGING BUSINESSES



Shri.
Bhawanji Arjan Khimji

## HANS BHAWANJI ARJAN KHIMJI



Shri.
Hans Bhawanji Khimji

KDO GLOBAL SUMMIT

**IT & EMERGING BUSINESSES**

8th & 9th January 2016
Taj Vivanta,
Yeshwantpur Bangalore

**EVENT PARTNER OF GLOBAL SUMMIT**

**SHRI HANS BHAWANJI ARJAN KHIMJI**

# SPEAKERS



Chief Guest
Mr. Nandan Nilekani



Mr Sudhir Sethi - Founder Chairman & Managing Director IDG Ventures India- Indian Startup Ecosystem - What's the next big thing?




Prof. Nandini Vaidyanathan - Chairman and Managing Director, CARMa Venture Services - Art of Start



Mr Paras Dharamshi - Sr. Executive Toronto, Canada Area - Startup for Startups



Mr Kalpraj Dharamshi,
Dharamshi Securities P. Ltd.



Dr Kiran Momaya - Prof. IIT Mumbai - Emerging Industries & Opportunities for Strong Communities: A Perspective from IIT Bombay



Mr. Ganga Kumar - Product guy@Helion Ventures - Role of Product Management & Digital Marketing in Growing Business



Sri Kishore S Kurwa (Cochin) - Owner Kishore Spices - Changing business style to suit the changing business world



Sri Bharath B Khimji - C.E.O. and Founder of the KFEL Group of Companies - Business as a Product

KDO GLOBAL SUMMIT

**IT & EMERGING BUSINESSES**

8th & 9th January 2016
Taj Vivanta,
Yeshwantpur Bangalore

**EVENT PARTNER OF GLOBAL SUMMIT**

**SHRI HANS BHAWANJI ARJAN KHIMJI**

# SPEAKERS



Shri Tarun R. Lodaya - Beyond CA



Sri Premchand Mota - Importance of research & analysis for success in business



Mr Santosh Panda - CEO Explara - My Startup Journey



Rishi Vasudev (VP Fashion@Flipkart) - E-Commerce - Selling Online and opportunities that exist



Satyam Bansal (Director Growth@Flipkart) - Mobile - Way forward and how it is transforming the world



Lalit Shah -Director - MSIT at Microsoft - Current Trends in IT



Shri Deven Shah / Sr Director - IT at CA Technologies - How can YOU build & deliver the next 'Apple' to the World



Shri Chenraj Jain of Bangalore, CMD Jain Institutes of Education - Motivational Talk



Mrs Tina Dharamshi - Path less Travelled

KDO GLOBAL SUMMIT

**IT & EMERGING BUSINESSES**

8th & 9th January 2016
Taj Vivanta,
Yeshwantpur Bangalore

EVENT PARTNER OF GLOBAL SUMMIT

**SHRI HANS BHAWANJI ARJAN KHIMJI**

# SPEAKERS



Sri Kirit Shah - Making KDO Community Digital



Sri Monik Dharamshi - On a tour with Tourism



Mrs Preeti M Lodaya - Founder Redwood Financial Strategists - Financial Planning - A must for an Entrepreneur



Sri Lalit Meisheri - Food and Agricultural sectors as businesses



Sri Satyen Momaya - Director of Retail, Levis India - My experiences and Learnings of Retail Industry.



Namrata Lodaya - Founder Artsvilla.in - Idea Presentation



Pragnesh Lodaya - Founder Test-Tantra - Idea Presentation



Hardik Shah - Founder EasyEat Foods - Idea Presentation



Rushabh Shah - Itzfin.com - Idea Presentation

## મોટું વિચારીએ અને આપણી ''કરી શકાય''ની વૃતિને ''કરશું જ''માં ફેરવીએ

તિલકચંદ લોડાયા – ચેન્નઈ, ourbrotherhood@yahoo.co.in



**એક કચ્છી ચોવક છે : વઠે દોહીજે રઢ... ઉભે દોહીજે ઊઠ... જિં વરે વા... તીં ડીજે પુઠ !** એક અર્થમાં આ ચોવકમાં આ સમિટનો સાર આવી જાય છે.

ધંધા-વ્યવસાયનું વિશ્વ તેમજ તેની કાર્યપધ્ધતિ ક્રાંતિકારી, અભૂતપૂર્વ અને ઝડપી ફેરફારો અનુભવી રહ્યા છે.

પરિણામે, જો આપણે બદલાઈને આપણા ધંધા-વ્યવસાયને તથા કારકીર્દીને સમયાનુરૂપ ઘાટ નહીં આપીએ તો આપણે અસ્ત વ્યસ્ત થયેલ કામકાજ સાથે પાછળ રહી જશું.

આ જગાડવા માટેની ઘંટી છે. આપણે નવું કરવાની-પડકારો ઝીલવાની ધગશવાળી પ્રજા છીએ. લગભગ આઠ સદીઓ પહેલાંથી આપણા વડવા સ્થળાંતર કરી રાજસ્થાનથી સિંધ થઈને કચ્છ અને પછી મુંબઈ તથા દેશાવર વસ્યા... અને હવે આપણે આખાય વિશ્વમાં વસી રહ્યા છીએ. આપણો મુખ્ય વસવાટ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરાલા અને બીજે છે.

આપણામાં સતત સ્થળાંતર કરનારા સમુદાયોની જેમ સાહસ ખેડવું, પરિસ્થિતિને અનુરૂપ થવું, પોતાની અલગ ઓળખ જાળવવી, સહનશીલતા, દીર્ઘ દ્રષ્ટિ અને પરિવર્તન પામવાની ઇચ્છા જેવા ગુણો છે.

એટલે જ આપણે પડકારોનો સારી રીતે સામનો કરીને સફળ થતા આવ્યા છીએ. આપણી પાસે ઉચ્ચ શિક્ષણ સહિત ૧૦૦% જેટલું ભણતર છે. આપણી માત્ર ૩૧,૦૦૦ની સંખ્યા ધરાવતી જ્ઞાતિ પાસે ૪૦૦ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો તેમજ ૫૦૦ જેટલા ડોક્ટોરો, એન્જીનિયરો તથા બીજા પ્રોફેશનલો છે.

આપણી પાસે ઘણા કરોડપતિઓ અને માટી સંખ્યામાં લખપતિઓ છે. જ્ઞાતિના ૫૦ ટકા કુટુંબો પાસે પોતાનો ફ્લેટ કે બંગલો છે. સમુદાયે બાંધેલા ઘરોમાં રહેનારાઓની સંખ્યાય ઘણીજ છે. આપણા જ્ઞાતિજનોની માથાદીઠ આવક, રાષ્ટ્રીય માથાદીઠ આવકથી ઘણી ઊંચી છે.

આપણી ધાર્મિક એકતાવાળી જ્ઞાતિ સારી રીતે સંકળાયેલી અને સંદેશ વ્યવહારનું જાળું (નેટવર્ક) ધરાવનાર સમુદાય છે. આપણી પાસે એક નવ દાયકા જૂનું સમુદાયનું સામયિક છે. જ્ઞાતિના બધા પરિવારોની વિગતવાર માહિતીવાળું વસતિપત્રક છે. આપણે વિવિધ આયોજનોથી એક બીજા સાથે સંકળાયેલા છીએ/રહીએ છીએ. આપણે ત્યાં સ્ત્રી-પુરુષ સમાનતા છે. એટલું જ નહીં પણ સ્ત્રી ગ્રેજ્યુએટોની સંખ્યા પુરૂષ ગ્રેજ્યુએટોની સંખ્યા કરતા વધારે છે.

આ બધી સાનુકૂળતાઓ સાથે આપણે બદલાવવા અને ઇન્ફરમેશન ટેક્નોલોજીના યુગ પ્રમાણે નવો ઘાટ પામવા તૈયાર છીએ.

આપણે આ સમિટ સ્ટાર્ટઅપ વિષય પરના રાષ્ટ્રીય આયોજનની પહેલાં યોજી રહ્યા છીએ, તે આપણી સર્તકતા તથા સામાજિક કલ્યાણ માટેની સજ્જતા બતાવે છે.

નોબેલ પારિતોષિક વિજેતા અને આધુનિક ઇઝરાયલના પિતા શીમોન પેરેને જ્યારે તેમની સૌથી મોટી ભૂલ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમનો જવાબ આવો હતો. ''ઇઝરાયલ વિશેના મારા સપના બહુ નાના હતા. મારે આનાથી ઘણી સારી પ્રગતિ કરવા માટે મારે આથીય મોટા સપના જોવા જોઈતા હતા. જ્યારે આપણે શરૂઆત કરીએ ત્યારે આપણી પાસે કંઇ જ ન હોય તે પણ મોટો ફાયદો છે.''

આની સામે આપની પાસે ઘણી વસ્તુઓ છે, જે લાખો લોકો માટે સપનું માત્ર છે. આપણે બદલાતા સમય સાથે આપણો નજરિયો સુમેળમાં લાવવાનો છે તથા પડકારોને તકમાં ફેરવવાના છે.

**મોટું વિચારો અને**

**આપણી ''કરી શકાય''ની વૃતિને ''કરશું જ''માં ફેરવો.**

**જય જ્ઞાતિ મૈયા !**

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 03/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# THINK BIG and reorient our CAN DO and WILL DO ATTITUDE.

I started with a Kutchi proverb, "Vethe duhije raddh, uthe duhije utth, Jinh vare vaa tinh dije putth." The essence of our Summit and it's message is eminently depicted In the meaning of this chovak. The world of business and it's style are undergoing revolutionary, unprecedented and rapid changes. Consequently, unless we change and revisit our businesses and careers, we will be left behind with disrupted businesses. This is a wakeup call. We are enterprising people. About 8 centuries back our forefathers migrated from Rajstham to Sindh and then to Kutch and later to Mumbai and other parts of present day Gujrat, Maharashtra, Karnataka, Kerala and other areas.

We have all the qualities of migratory communities like, enterprise, adjustability, desire to preserve self identity, tolerance, farsight and willing to change. Hence we as a race can easily overcome the changes and come out successfully. We have a population with 100% education and that too advanced education. We have 500 Chartered Accountants, 400 Doctors, Engineers and other Professionals in a population of 31000. We have many billionaires and millionaires. 50% of the families have their own bungalows and houses. Many live in homes belonging to the community. The per capita income of our people is way above the national average. Ours is a well knit and net-worked community with strong religious bonding, one 8 decade old community magazine and a VastiPatrak or a detailed Census.

Social functions keep us united and networked. There is gender equality and women graduates outnumber gents. With all these advantages we should be able to change ourselves and mould as per the world of information technology. The fact that we have professionally organised at global community level this Summit on the Startup world before the National event on the same subject on 16th January, speaks volumes about our alertness and vision for the betterment of the community.

When the Nobel Laureate Shimone Peres, the President of Israel and the father of Modern Israel, was asked as to what was the biggest mistake he made. His reply was that " My dream about Israel was too small. I should have dreamt big to achieve far better progress. When we started we had nothing. This itself was the biggest advantage."

As against this we have many things which are dreams of billions of human beings. So we have just to fine tune our perceptions with the changing times and convert the challenges into opportunities. **THINK BIG and reorient our CAN DO and WILL DO ATTITUDE.**

**Jai Gnati Maiya.**

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ

જ્ઞાતિ અગ્રણી શ્રી વસંતભાઈ કરમશી વીકમશી (જખૌ)એ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા. તેની ઉજવણી પ્રસંગે વિકમશી પરિવારે શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટને રૂા. ૭૫,૦૦૦/- રૂા. પંચોતર હજારનું ઉદાર દાન આપી મૂંગા પશુઓ પ્રત્યે કરૂણા દાખવી અનુકરણીય દાખલો પ્રદાન કર્યો છે.

૧૩૦ ઢોરો સંભાળતી જખૌ પાંજરાપોળના સંચાલન અને દુકાળની પરિસ્થિતિ સાચવવા ઉદાર સહાયની વિનંતી.

**સંપર્ક : મહેન્દ્ર દેવજી ખોના** – 93239 17075

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

આયોજીત

# ''પરિચય થી પરિણય''

## ''પરિચય મિલન - ૨૦૧૬

૨૫ ઑક્ટોબર ૨૦૧૫ના ક્રિષ્ણા રોસોર્ટમાં ઉત્તમ છેડા ના સથવારે યોજાયેલ 'પરિચય મિલન'ની જ્વલંત સફળતા બાદ ચાલો ફરી એકવાર મળીએ, મળાવીએ અને સગપણ સમસ્યા ઉકેલવા નક્કર પગલાં ભરીએ.

KDO થી KDO પરિવારોને પ્રેમ અને લાગણીઓની ગાંઠ થી જોડાવા એક મીઠો-મજબૂત શેતુ બનાવીએ.

## આગામી પરિચય મિલન - ૨૦૧૬

| -: તારીખ :- | -: સમય :- | -: સ્થળ :- |
|---|---|---|
| રવિવાર,<br>તા. ૧૦-૪-૨૦૧૬ | સવારના ૧૦.૦૦ થી<br>સાંજના ૫.૦૦ સુધી | શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ,<br>અનંત સિધ્ધિ, ભાંડુપ |

No Stage Introduction

- ચાલો સૌ લગ્નોત્સુક યુવક-યુવતિઓ આવો એક બીજાને મળો. પરિચય કેળવો પરિણામ જરૂર આવશે.
- પધારો આ મેળાવડામાં જ્યાં છે બહોળી પંસદગીની તક દેશ-વિદેશ થી આવનારા આપણા જ 'યુવાધન'.

**મહાજનશ્રીઓને તેમજ સર્વ મહાજનના પદાધિકારીઓને વિનંતી કે પોતાના વિસ્તારના લગ્નોત્સુક યુવક-યુવતિઓને સહભાગી થવા પ્રેરે.**

**અરજી સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા લાવશો. જેથી તમે ત્યાં ભરીને આપી શકો.**
**રજીસ્ટ્રેશન : રૂા. ૭૦૦/- ઉમેદવાર તથા ૧ વાલી અને અતિરિક્ત વાલી ૧ માટે રૂા. ૪૦૦/-**
**(Non Refundable)**

## ફોર્મ ઉપલબ્ધ : ૧૦-૨-૨૦૧૬ થી ૨૦-૩-૨૦૧૬

**ફોર્મ મેળવવા સંપર્ક :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| મસ્જિદ બંદર | મહાજન કાર્યાલય | - અનંતનાથ જિનાલય | ગોરેગાવ | ચેતન ખોના | - 93244 61894 |
| ભાંડુપ | અનંતનાથ ટ્રસ્ટ ઓફીસ | - અનંત સિધ્ધી | | પ્રવિણ મોતા | - 93212 23740 |
| મુલુંડ | મનિષા લાલકા | - 98205 45734 | વાશી | જલ્પા લોડાયા | - 98676 15913 |
| | રિતેષ કાયાણી | - 93219 15642 | થાણા | જસ્મીન ધુલ્લા | - 96190 74996 |
| ડોમ્બીવલી | રમેશ લોડાયા | - 989200 3940 | ઘાટકોપર | કમલેશ સોની | - 98333 08933 |
| | જસ્મીન સાયલા | - 84528 21425 | | ચેતન મોમાયા | - 93240 58414 |

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન : 022-2344 8274 • ઈ-મેલ : anantnathderasar@gmail.com
વિશેષ સુવિધા : konarkinterior@gmail.com / jalpalodaya@yahoo.com પર ઈમેલ કરવાથી ફોર્મ પ્રાપ્ત થશે.

**ફોર્મ ભરીને મહાજન કાર્યાલયમાં આપવાના રહશે. • કાર્યાલય સમય : ૧૨ થી ૬ કલાક**

# શ્રી નલીયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ

દ્વારા

# તલેગાવ - પુના - કાતરજ ચૈત્ય પરિપાટી

શ્રી નલીયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ દ્વારા એક દિવસીય ચૈત્ય પરિપાટીનું આયોજન તા. ૧૦-૦૧-૨૦૧૬ રવિવારના કરવામાં આવ્યું. સવારના ૬.૩૦ વાગ્યામાં ખુશનુમા વાતાવરણમાં ૨ બસ દ્વારા ૧૦૮ જણનું ગ્રુપ ડોંબીવલીથી તલેગાવ પાર્શ્વ પ્રજ્ઞાલય શંખેશ્વર દાદાના દર્શન - ચૈત્યવંદન તથા નવકારશી કરી ત્યાંથી કલશ મંદિરના દર્શન કરી કાત્રજ તીર્થમાં મહાવીર સ્વામી ભગવાનની પૂજા - દર્શન - ચૈત્યવંદન કર્યા પછી બપોરના જમવાનું સુંદર મજાનું આયોજન કરેલ ત્યાજ બપોરની ચા પીધી મંડળે ગામવાસીઓ, નિયાણી બહેનો તથા દાતા પરિવારના આભાર માન્યા.

સહુ એકજ આવાજ થી બોલ્યા ફરી પાછી જલ્દીમાં જલ્દી બે દિવસીય યાત્રા પ્રવાસનું આયોજન કરો. ત્યાંથી ભક્તામર તીર્થ અને શત્રુંજય તીર્થના દર્શન કર્યા સુંદર મઝાના જિનાલયોના દર્શન કરી સહુ ખુશ થયા. ત્યાંથી લોનાવાલા સંચયતી લેનમાં સાંજના જમવાનું આયોજન. નિર્મલાબેન / પ્રશાંતભાઈ મોતા / હેમંતભાઈ મોતા દ્વારા કરવામાં આવેલ અને એમના દ્વારા રૂપિયા દસનું સંઘ-પૂજન પણ કરવામાં આવેલ. ત્યાં હાજર પ્રશાંતભાઈ તથા નિર્મલાબેનનો મંડળે શબ્દો દ્વારા આભાર માન્યો. ત્યાંથી બસો દ્વારા ડોંબીવલી રાત્રે ૧૦.૩૦ વાગ્યે પાછા આવ્યા. મિત્ર મંડળ વતી વિરેન્દ્ર લોડાયા, ચેતન નાગડા, મણીલાલ લોડાયા, વંદના દંડ, અમિત ખોના, પરેશ ખોના, મયુર લોડાયા, પ્રવીણ ખોના, વિગેરે કાર્યકરોએ દ્વારા જોરદાર મહેનત કરી કાર્યક્રમ ને સફળ કરેલ.

## એક દિવસીય ચૈત્ય પરિપાટીના દાતા પરિવારો

| | | | |
|---|---|---|---|
| ૧. | માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા | મુલુંડ | રૂા. ૫૦૦૦/- |
| ૨. | માતુશ્રી લક્ષ્મીબેન લહેરચંદ નાગડા | ડોંબીવલી | રૂા. ૫૦૦૦/- |
| ૩. | શ્રી મોતીચંદ પાસુભાઈ ખોના | ડોંબીવલી | રૂા. ૫૦૦૦/- |
| ૪. | શ્રી ભદ્રીચંદ ભવાનજી દંડ | ડોંબીવલી | રૂા. ૫૦૦૦/- |
| ૫. | માતુશ્રી મધુરીબેન મેઘજી છેડા | ડોંબીવલી | રૂા. ૫૦૦૦/- |
| ૬. | શ્રી જેઠાલાલ દેવશી ખોના<br>માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી લોડાયા | ડોંબીવલી | રૂા. ૫૦૦૦/- |
| ૭. | શ્રી ભરત શાંતિલાલ મોમાયા | ડોંબીવલી | રૂા. ૨૫૦૦/- |
| ૮. | શ્રી જશ પુનીત પ્રદીપ નાગડા | ડોંબીવલી | રૂા. ૨૫૦૦/- |

**બપોરની ચા**

૧. શ્રી જીતેન્દ્ર મેઘજી સાંયા - ડોંબીવલી
૨. શ્રી ભાવેશ રતિલાલ મોતા - ડોંબીવલી



**સાંજનું જમણ**

૧. માતુશ્રી બાંયાબાઈ શામજી દેવણાન્દ મોતા પરિવાર - લોનાવાલા
(નિર્મલાબેન / પ્રશાંત મોતા / હેમંત મોતા)

## એક દિવસીય ચૈત્ય પરિપાટીના દાતા પરિવારો

| | |
|---|---|
| લક્ષ્મીબેન લહેરચંદ નાગડા | રૂા. ૧૦૭૫/- |
| બાંયાબાઈ શામજી મોતા | રૂા. ૧૦૫૦/- |
| છાયા વિરેન્દ્ર લોડાયા | રૂા. ૧૦૦૦/- |
| મુરબાઈ ચાંપશી નાગડા | રૂા. ૧૦૦૦/- |
| મોતીચંદ પાસુભાઈ ખોના | રૂા. ૫૦૦/- |
| મધુરીબેન જેઠાલાલ ખોના | રૂા. ૫૦૦/- |
| લક્ષ્મીબેન ખીમજી લોડાયા | રૂા. ૫૦૦/- |
| મધુરીબેન મેઘજી છેડા | રૂા. ૫૦૦/- |
| કસ્તુરીબાઈ ડુંગરશી ખોના | રૂા. ૫૦૦/- |
| જયશ્રીબેન ઝવેરચંદ ખોના | રૂા. ૫૦૦/- |
| પુરબાઈ મેઘજી સાંયા | રૂા. ૫૦૦/- |
| હરીશ ઉત્તમચંદ લાલકા | રૂા. ૫૦૦/- |
| લીતેશ હીરાચંદ ખોના | રૂા. ૫૦૦/- |
| વંદના ભદ્રીચંદ દંડ | રૂા. ૫૦૦/- |
| પંકજ કુંવરજી મોતા | રૂા. ૨૫૦/- |
| તીલકચંદ પાનાચંદ મૈશેરી | રૂા. ૨૫૦/- |
| મુરબાઈ રાયચંદ લોડાયા | રૂા. ૨૫૦/- |
| વીરેન દામજી મોતા | રૂા. ૨૫૦/- |
| શિલ્પા સમીર નાગડા | રૂા. ૨૫૦/- |
| લક્ષ્મીચંદ હીરજી નાગડા | રૂા. ૨૫૦/- |
| હીરાચંદ નાગશી નાગડા | રૂા. ૨૫૦/- |
| સોમચંદ ઉમરશી લોડાયા | રૂા. ૨૫૦/- |
| હેમેન્દ્ર શાંતિલાલ નાગડા | રૂા. ૧૨૫/- |
| હરીશ હીરજી ખોના | રૂા. ૧૨૫/- |
| સંજય શાંતિલાલ | રૂા. ૧૨૫/- |
| હીરાચંદ ધનજી છેડા | રૂા. ૧૨૫/- |
| હિરલ ચેતન છેડા | રૂા. ૧૨૫/- |
| પૂર્ણિમા લીતીન મોમાયા | રૂા. ૧૨૫/- |
| કિરણબેન ભરત જીવાણી | રૂા. ૧૨૫/- |
| નિધિ એન્ડ વિશાલ | રૂા. ૧૨૫/- |
| ચેતન સોમચંદ લોડાયા | રૂા. ૧૨૫/- |

સંઘ પૂજન ટોટલ રૂા. ૧૧૦/-નું કરવામાં આવેલ.

શ્રી નલિયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ દ્વારા ૨૦૧૬નું સુંદર મજાનું કેલેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.
જે જ્ઞાતિમાં અલગ અલગ ગામોમાં સભ્યો દ્વારા તથા જ્ઞાતિ બંધુઓ દ્વારા વિતરણ કરવામાં આવેલ.
**કેલેન્ડર છાપવા માટે સહયોગ આપનાર દરેક દાતા પરિવારનો ખૂબ ખૂબ આભાર અને અનુમોદના....**

શ્રી ક. દ. ઓ. મંડળ ડોંબિવલી દ્વારા
આયોજીત
આ વર્ષનું નવું નજરાણું

**"ટ્રેડ ફેર એન્ડ ફન વ્યાપાર ઉત્સવ - ૨૦૧૬"**

શ્રી કચ્છી દશા ઓસવાલ ડોંબિવલી મંડળે આ ૨૦૧૬ના વર્ષનાં નવું નજરાણું રૂપે "ટ્રેડ ફેર એન્ડ ફન વ્યાપાર ઉત્સવ-૨૦૧૬" લઈને આવી રહ્યા છે.

તારીખ : ૬/૨/૨૦૧૬, **શનિવારે**
સ્થળ : **ઠાકુર હોલ, વાશી બસ સ્ટેન્ડની બાજુમાં, ડોંબિવલી (ઈસ્ટ).**
સમય : **સવારે ૧૧.૦૦ થી સાંજે ૯.૩૦ કલાકે**

આ ટ્રેડ ફેર માં આપની કલા-કૌશલ્ય બતાવવાનો અનેરો લાભ આપને મળશે. જેમાં આપ નાના-મોટા પાયા પર કરતાં ઉદ્યોગોના સ્ટોલ રાખી શકો છો.

કુર્તીઝ, સારીઝ, ડિઝાઈનર સુટપીસ, પર્સ, ક્રોકરી, શૈક્ષણિક ઉપકરણ, ધાર્મિક ઉપકરણો, તોરણ, બેકરી આઈટમ, કોસ્મેટીક, આર્યુવેદીક સૌદર્ય સાધનો, ચોકલેટ, બુકે, અન્ય ઉત્પાદનો, પ્રોફેસનલ્સ, LIC એજન્ટ, બિલ્ડર્સ, ક્લાસેસા તથા ફૂડ આઈટમો, ગેમ્સ વગેરે સ્ટોલ રાખી શકો છો.

એક સ્ટોલ નું ભાડું - રૂા. ૫૦૦/- ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે. અને રૂા. ૧૦૦૦/- અન્ય જ્ઞાતિજનો માટે.

આપનો સ્ટોલ, આઈટમનું નામ મંડળના કાર્યાલયમાં પૈસા ભરી લખાવી જવા વિનંતી.

**વહેલો તે પહેલો ના ધોરણે નામ લખાવી જવા વિનંતી.**

વધુ સંપર્ક માટે :
**રાયચંદ જીવાણી** - ૯૮૩૩૦ ૪૩૭૪૯ **હરિશ શિયાડ** - ૯૭૦૨૮ ૫૪૮૫૪
**અતુલ ધરમશી** - ૯૯૩૦૮ ૮૪૧૪૧ **હેમંત ધુલ્લા** - ૯૯૨૦૫ ૫૬૨૭૦
**અજય શિયાડ** - ૯૧૬૭૨ ૨૦૦૧૪

# જાહેરખબર

## ગોવિંદજી શ્રીપાળ ગોસર બારોઈવાળા પરિવારના સભ્યો જોગ

શ્રી શીવજી ગોવિંદજી ગોસર, શ્રી રામજી ગોવિંદજી ગોસર તથા શ્રી દામજી ગોવિંદજી ગોસરના પરિવારોના દીકા-દીકરીઓ, પુત્રો, પૌત્રી, દોહીત્ર, દોહીત્રીઓ, નિયાણી બહેનો, ફઈબા, વગેરેના જે કોઈ પણ સભ્યો હોય તેમણે પોતાના નામ, સરનામા તથા મોબાઈલ નંબર નીચેના સંપર્ક સ્થળે લેખિતમાં મોકલવા નમ્ર વિનંતી.

**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા** (લલાપો)
મો.: 099300 08339 / 075672 07479
C/o. B1, મધુર મીલન, KDO સોસાયટી,
ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
શ્રી સોમચંદ પ્રેમજી ગોસર : 099302 43535
લિ.
**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા** (લલાપો)
**ના જય જિનેન્દ્ર**

## ટી.વી. પડદે મુલુંડના દેરાસરો

અરિહંત ચેનલ તા. ૨ ડીસેમ્બરના સવારના કાર્યક્રમમાં મુલુંડના ઝવેર રોડ સ્થિત શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય તેમજ ગોવર્ધન નગરના અચલગચ્છીય શ્રી પદ્મપ્રભુ જિનાલયને સવિસ્ત આવરી લઈ સુંદર મજાની ફોટોગ્રાફી અને મજેદાર કોમેન્ટ્રીથી અરિહંત ચેનલ રંગ જમાવ્યો. જિનાલયની મનમોહક તેજસ્વી પ્રતિમાઓને શાંતિ અને ધીરજથી ટી.વી. પડદે રજૂ કરાઈ. સાથે સાથે દેરાસરોના ટ્રસ્ટીઓ, અગ્રણીઓ અને કાર્યકરોના વક્તવ્ય પણ રજૂ કરાયા. તાંબે નગરના શ્રી અમીઝરા આદિનાથ જિનાલય અને શ્રી શાંતિનાથ જિનાલય તેમજ ગોવર્ધન નગરના શ્રી નેમિનાથ જિનાલય નો પણ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો.

પ્રેષક : કાંતિલાલ કેશવજી મોતા

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ

## સોનગઠ રત્નાશ્રમ

ઉપરોક્ત સંસ્થાના વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે નવા દાખલ થવા માટેના એડમીશન ફોર્મનું વિતરણ શરૂ થઈ ગયેલ છે. અંગ્રજી ગુજરાતી માધ્યમ ધોરણ-૬ અને ૭ માટે ફોર્મ મેળવવા ઇચ્છુક વાલીઓએ સંસ્થાની દાદર (ઈસ્ટ) ખાતે આવેલી ઓફિસમાં સંપર્ક કરવો. ફોન : 24165639 / 32161739 સમય ૧૨ થી ૫ (રવિવાર બંધ)

લિ. **માનદ્ મંત્રીઓ - સોનગઠ રત્નાશ્રમ**

# શ્રી જશાપર મધે ૧૩૯મો ધ્વજા મહોત્સવ

શ્રી જશાપર મધે શ્રી આદિનાથ દાદાના જિનાલયની ૧૩૯મી ધ્વજાના મહોત્સવ પ.પૂ. મુનીરાજ શ્રી કંચનસાગરજીની નિશ્રામાં મહાવદ બીજને તા. ૨૪-૨-૨૦૧૬ને વાર બુધવારના સંપન્ન થશે. આ પાવન પ્રસંગે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે. અઢાર અભિષેક તથા સત્તર ભેદી પૂજા રાખવામાં આવશે.

સંપૂર્ણ બે દિવસના સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર : માતુશ્રી પ્રેમાબાઈ કુંવરજી મોતા - જશાપર (ડોમ્બીવલી) હસ્તે : આશિષ સોમચંદ મોતા

તા.ક.: ૩૧-૧-૨૦૧૬ના આપણા ગામના સાધ્વી શ્રી મૌન ગુણાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ માટે ચર્ચા વિચારણા કરવા મિટીંગનું આયોજન કરેલ છે. ચોવિહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**સ્થળ :** "દેવપૂંજ" વાલજી લધા ક્રોસ રોડ, મુલુંડ (વેસ્ટ).
**સમય :** ૩.૩૦ થી ૬

- તા. ૨૩-૨-૨૦૧૬ના જશાપર મધે મિટીંગ રાખેલ છે. સર્વે ગામવાસીઓએ નોંધ લેવી.
- મહાજન શ્રીની નિકળતી રહમ કૃપા કરી જલ્દીથી ચુકતે કરવા નમ્ર અપિલ.

**સંપર્ક : સોમચંદ મોતા** : 098208 21908
**ગૌતમ ધરમશી** : 098691 21666
**હીરેન ધરમશી** : 098196 55254



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

### જિન પૂજા

**પ્રશ્ન :** પ્રભુજીની પુષ્પ પૂજા શા માટે કરવાની છે?

**ઉત્તર :** આગમમાં પ્રભુજીની પુષ્પ પૂજા કરવાનું વિધાન છે તે માટે શ્રાવક શ્રાવિકાઓએ પુષ્પ પૂજા કરવાની છે.

પુષ્પમાં અનેક ગુણો છે પરંતુ એમાં ત્રણ મુખ્ય છે - ૧) કોમળતા ૨) સુંદરતા અને ૩) સુવાસિતતા.

પુષ્પની કોમળતા આપણા હૃદયને કોમળ બનાવે છે. દયા-કરૂણા-વાત્સલ્યયુક્ત જીવનના સ્વામિ બનાવે છે. પુષ્પની સુંદરતા જીવનને વ્રત-નિયમાદિના પાલનથી સુંદર બનાવે છે. પુષ્પની સુવાસિતતા આપણા જીવનને સદ્ચારદિ ગુણોથી સુગંધી બનાવે છે. આવા બધા ગુણોને જીવનમાં પામવા હોય તો પુષ્પ પૂજા આવશ્યક બને છે.

તાજા, સુગંધી, નીચે ન પડેલા અખંડ પુષ્પાથી પરમાત્માની ભાવપૂર્વક પૂજા કરવાથી અકલ્પનીય લાભ મળે છે. અનાદિના દોષ અને દુર્ગુણોના પાશમાંથી આત્મા મુક્ત બનીને અનેક ગુણોથી જીવન શોભાયમાન બને છે.

નાગકેતુ પુષ્પ પૂજા કરતાં કરતાં કેવળજ્ઞાની બન્યા છે. તો કુમારપાળ રાજા પાંચ કોડીના અઢાર પુષ્પથી પૂજા કરીને અઢાર દેશના રાજવી બન્યા છે.

**પ્રશ્ન :** શું પાંચ કોડીના અઢે પુષ્પમાં અઢાર દેશના સ્વામિ બનાવવાની શક્તિ છે?

**ઉત્તર :** પાંચ કોડીના અઢાર પુષ્પમાં અઢાર દેશના સ્વામિ બનાવવાની શક્તિ નથી. પરંતુ પાંચ કોડીના અઢાર પુષ્પ દ્વારા ભાવ વિભોર બનીને કરવામાં આવતી પુષ્પ પૂજામાં અઢાર જ નહીં પરંતુ વસ્તુદ્વારા અંતરમાં ઉત્પન્ન થતાં ભાવોમાં છે. દ્રવ્ય પૂજા એ ભાવધારામાં ઉંચા ચઢવા માટેનું પ્રવેશ દ્વાર છે. એક એક દ્રવ્ય આત્માને અપૂર્વ ઉલ્લાસ ભાવમાં આગળ વધારવામાં નિમિત્ત બને છે. દ્રવ્ય જેટલું ઉત્તમ હોય એટલાજ ભાવ ઉંચા ચઢે છે. ઉચ્ચ ભાવોની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ દ્રવ્યોથી દ્રવ્ય પૂજા અનિવાર્ય બને છે.

**પ્રશ્ન :** શું પુષ્પ પૂજા કરતાં પુષ્પને અશાતા થાય એમાં દોષ-પાપ ન લાગે?

**ઉત્તર :** ઉગે છે તે આથમે છે.... ખીલે છે તે કરમાય છે.... જન્મે છે તે મરે છે.... આ કુદરતનો નિયમ છે. આપણે જન્મ્યા છીએ - નિશ્ચિત મરવાના છીએ. જો સકત - સારા કાર્યો કરીને મરીએ તો સારું. એવીજ રીતે પુષ્પ ખીલ્યું છે તે અવશ્ય કરમાઈ જવાનું છે, એનો સદ્ઉપયોગ થઈ જાય તો સારું. પુષ્પમાં ભવી જીવ હોય તોજ એ પ્રભુજીના મસ્તક સુધી પહોંચે. અન્યથા વચ્ચેજ ક્યાંક નીચે પડીને પ્રભુ પૂજા અયોગ્ય બને છે. અરિહંત પરમાત્માના આઠ પ્રાતિહાર્ય કહ્યા છે એમાં એક 'સૂર પુષ્પ વૃષ્ટિ' છે. દેવો પ્રભુજી ઉપર સતત પુષ્પવૃષ્ટિ કરે છે. એમાં સચિત્ત - અચિત્ત બન્ને પ્રકારના પુષ્પો હોય છે. સચિત્ત પુષ્પો રાજી થાય છે 'આજે એમ પ્રભુ ભક્તિમાં વપરાઈને ધન્ય બન્યા... અમારું જીવન સફળ થયું' એમ માને છે. વિશ્વમાં ઘણાંજ પુષ્પો ખીલે છે એમાંથી અતિ અલ્પજ અરિહંત પરમાત્માના ચરણે અર્પણ થાય છે. ભાગ્ય વિના આવી સિદ્ધિ પણ પ્રાપ્ત થતી નથી. પ્રભુ પૂજામાં વપરાતું પુષ્પ સ્વયં અદ્ભૂત પુણ્ય ઉપાર્જન કરી લે છે. તેથી પુષ્પ પૂજામાં દોષ નથી પરંતુ સ્વ-પરનું કલ્યાણ જ છે.

**પ્રશ્ન :** પુષ્પ પૂજામાં વપરાતા પુષ્પ એમને એમ વાપરવા જોઈએ અથવા ધોઈને પછી વાપરવા જોઈએ ?

**ઉત્તર :** પુષ્પ પૂજામાં વપરાતા પુષ્પો આજના સમયે બે પ્રકારના છે -

(૧) શ્રાવકના ઘરના અથવા દેરાસરના બગીચાના પુષ્પો તથા

(૨) બજારમાંથી આવતા - માળી દ્વારા વેચાતા પુષ્પો.

શ્રાવકના ઘરના અથવા દેરાસરના બગીચાના પુષ્પો શુદ્ધ અને સ્વચ્છ હોવાથી ધોયા વગર બરાબર નિરીક્ષણ કરીને સૂક્ષ્મ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

આ ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરતા નાગરિક તરીકેના હક્કો સાથે ફરજોને પણ સમજીએ. આપણા રાષ્ટ્ર અને પ્રજાસત્તાકને વિશ્વનું શ્રેષ્ઠ લોકશાહી રાજ્ય બનાવવા માટે કૃત સંકલ્પ થઈએ.

*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

જીવજંતુ ન હોય એની ખાત્રી કરીને પૂજામાં વાપરી શકાય છે. જો પુષ્પમાં સૂક્ષ્મ જીવજંતુ જણાય તો એમની યોગ્ય જયણા કરીને પછી જ એ પુષ્પો પૂજા માટે ઉપયોગમાં લઈ શકાય છે.

બજારમાંથી આવેલા અથવા માળી દ્વારા વેચાતા પુષ્પો પૂજામાટે ઉપયોગમાં લેતા પહેલાં એમની શુદ્ધિ અત્યંત આવશ્યક છે. પુષ્પોને પ્રથમ સૂક્ષ્મતાથી તપાસવા એમાં જો કોઈ જીવ-જંતુ જણાય તો હળવા હાથે અથવા મુલાયમ વસ્ત્રથી એ જીવ-જંતુને જયણા પૂર્વક દૂર કરવા પછી નિર્મળ જળથી ધોઈને સાફ કરી થોડીવાર કપડા ઉપર મૂકવા જેથી પાણી નિકળી જાય... નિતરી જાય અને પુષ્પો કોરા થઈ જાય. પાણીવાળા પુષ્પો ભગવાન ઉપર ચઢાવવાથી મૂર્તિમા ક્યાંક પાણી રહી જવાથી અજયણા થવાની સંભાવના હોય છે. તેથી બરાબર ખ્યાલ રાખીને પુષ્પોનો ઉપયોગ કરવાથી આપણે સર્વ પ્રકારના દોષોથી બચી જઈએ છીએ અને આપણી પુષ્પ પૂજા શુદ્ધ અને સફળ બને છે.

KDO GLOBAL SUMMIT

IT & EMERGING BUSINESSES

8th & 9th January 2016
Taj Vivanta,
Yeshwantpur Bangalore

## ગ્લોબલ સમિટની સાથે સાથે...

ગ્લોબલ સમિટ ભલે બેંગલોરમાં યોજાયું તેના પડઘા જ્ઞાતિ પરિવાર જ્યાં જ્યાં હોય ત્યાં પડે માટે તેમાંથી ગ્રહણ કરવા યોગ્ય બધી સામગ્રી પ્રકાશ સમીક્ષામાં યથા અવકાશ પ્રકાશિત થતી રહેશે. એનો લાભ લેવા સૌને વિનંતી. – તંત્રી

## તસવીર સહયોગ

પ્રકાશ સમીક્ષામાં છપાયેલી ગ્લોબલ સમિટની તસવીરો માટે સમિટના પ્રોફેશનલ ફોટોગ્રાફર ઉપરાંત ફોટોગ્રાફીનો શોખ ધરાવનાર જ્ઞાતિનો યુવા પ્રતિભા વંદિત મોનિક ધરમશી (હૈદરાબાદ)નો સહયોગ મળ્યો તેબદલ તેમનો આભાર.

## ક્ષમાયાચના

પ્રકાશ સમીક્ષાના અંક નં. નં. ૨ના રંજા પાના પરની ઉપલીહરોળમા ડાબી તસવીરમાં તેમજ છેલ્લા પાનાની નીચેની હરોળમાંની ડાબી તસવીરમાં બેંગલોર મહાજનના સેક્રેટરી શ્રી મિતેશ શાહનું નામ શરત ચૂકથી છપાયું છે. તેની જગ્યા બેંગલોર મહાજનના પ્રમુખ શ્રી સતીશ શાહ (સતીશ દેવજી મૈશેરી) એમ વાંચવું.

તેમજ બીજા પાને વચ્ચેની ગ્રુપ તસવીરમાં ડાબેથી ત્રીજા ચેન્નઈ મહાજનના સેક્રેટરી શ્રી રાજેશ મોમાયાનું નામ શરત ચૂકથી છપાયું નથી.




ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
ESTD. 1984
GB 10A & 10B, Karma Stambh, Opp. Kailash Commercial Complex, L.B.S. Marg, Vikhroli (W),
Mumbai - 400 083. Phone: 2579 9326 / 96198 46622 Fax: 2579 9323 E-mail: acblho@arihantbank.com

**Eligibility to contest the Election of Board of Directors of Shri Arihant Co-op.Bank Ltd.**

**The elections for the year 2016-17 to 2020-21 are likely to be held in the month of February /March 2016.The eligibility criteria as per amended Bye Laws of the Bank ( Bye Law No.40 ) for contesting the post of directors in the election of the board of directors are as under**

**( Total Seats:- 15 )**

| S.no. | Category & No. of Seats | No. of Shares and Share Amount in Rs. | Deposit in any type of account with the bank. |
|---|---|---|---|
| 1 | General 10 seats | 400 Shares of total value of Rs.10,000/- | Rs.50,000/- |
| 2 | SC/ST 1 seat | 200 shares of total value of Rs.5,000/- | Rs.25000/- |
| 3 | OBC 1 seat | 200 shares of total value of Rs.5,000/- | Rs.25,000/- |
| 4 | D-NT,VJ-NT,SBC. 1 seat | 200 shares of total value of Rs.5,000/- | Rs.25,000/- |
| 5 | Women 2 seats | 200 shares of total value of Rs.5,000/- | Rs.25,000/- |

**1)** As per the instructions and directives given by the District Election Authority, the present members who are shareholders of the bank as on 31/12/2013 and whose names appear in the provisional voters list as on 31/12/2013 and who are desirous of contesting the ensuing election of directors for a period of 2016-17 to 2020-21, shall have to keep the deposit of Rs. 50,000/- and Shareholding of Rs. 10,000/- for General Category and deposit of Rs. 25,000/- and shareholding of Rs. 5000/- for other categories i.e. Sr. No. 2 to 5 given in the table above, before 29th January 2016 ie before submission of the provisional list of members, to the District Election Authority.

The shareholders/members who do not comply with the above requirements/instructions of deposits and shareholding for respective categories will not be entitled to contest the election for the post of director. The nomination forms of the shareholders/members who do not comply with the above instructions of the district election authority, their nomination will be rejected by the said authority for which the bank will not be responsible.

**2)** The elected directors shall hold the shares and keep the deposit as per the above table, for respective categories, for the entire tenure of the board.

**Voting Rights:-** As per the directives of the District cooperative society's Election Officer all the present shareholders /members on the list of share holders of the bank, as on 31/12/2013,irrespective of their share holding will be entitled to vote in the election for the board of directors for the period 2016-17 to 2020-21.(Except the members/shareholders who are defaulters of the bank for the loan/s availed by them.)

The criteria of Active and Non Active members will apply for the subsequent election; ie the election for the period commencing from 01.04.2021.

**Chief Executive Officer**

For further queries please contact **Mr. Anil Khedekar - 9167497832.**

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
ESTD. 1984
GB 10A & 10B, Karma Stambh, Opp. Kailash Commercial Complex, L.B.S. Marg, Vikhroli (W),
Mumbai - 400 083. Phone: 2579 9326 / 96198 46622 Fax: 2579 9323 E-mail: acblho@arihantbank.com

## શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડના સંચાલક પદ (Board of Directors)માટેની ચુંટણી અંગે ઉમેદવારી માટેની યોગ્યતા

**શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડના સંચાલકોની (Board of Directors)ની વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ના કાર્યકાલ માટેની ચુંટણી આશરે ફેબ્રુ. ૨૦૧૬/માર્ચ ૨૦૧૬માં યોજાશે. અને તે અંગેની ઉમેદવારી માટેની યોગ્યતા બેંકના સુધારીત બંધારણ (Amended By Laws)ની કલમ નં. ૪૦ અનુસાર નીચે મુજબની વિગતે રહેશે.**

| ક્રમ નં. | કક્ષા અને બેઠકની સંખ્યા | શેરોની સંખ્યા અને રૂપિયામાં રકમ | બેન્કમાં કોઈ પણ પ્રકારના ખાતામાં જમા રકમ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય કક્ષાની ૧૦ બેઠકો | ૪૦૦ શેર્સ - જેની કુલ રકમની કિંમત રૂા. ૧૦,૦૦૦/-ની હોવી જોઈએ | રૂા. ૫૦,૦૦૦/- |
| ૨ | એસસી/એસટી ૧ બેઠક | ૨૦૦ શેર્સ - જેની કુલ રકમની કિંમત રૂા. ૫,૦૦૦/-ની હોવી જોઈએ | રૂા. ૨૫,૦૦૦/- |
| ૩ | ઓબીસી ૧ બેઠક | ૨૦૦ શેર્સ - જેની કુલ રકમની કિંમત રૂા. ૫,૦૦૦/-ની હોવી જોઈએ | રૂા. ૨૫,૦૦૦/- |
| ૪ | ડી-એનટી, વીજે-એનટી એસ.બી.સી. ૧ બેઠક | ૨૦૦ શેર્સ - જેની કુલ રકમની કિંમત રૂા. ૫,૦૦૦/-ની હોવી જોઈએ | રૂા. ૨૫,૦૦૦/- |
| ૫ | મહિલા માટે ૨ બેઠક | ૨૦૦ શેર્સ - જેની કુલ રકમની કિંમત રૂા. ૫,૦૦૦/-ની હોવી જોઈએ | રૂા. ૨૫,૦૦૦/- |

૧) ચૂંટણી અધિકારીની સુચના મુજબ વર્તમાન સભ્યો જે તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી શ્રી અરિહંત કો-ઓપ. બેંક લી.ના શેયર-ધારક હશે અને જેઓના નામો તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી બેંકના ચોપડે મતદાર-યાદીમાં નોંધાયેલ હશે, અને જેઓ વર્ષ ૨૦૧૬-૧૭થી વર્ષ ૨૦૨૦-૨૧ના કાર્યકાલ માટે બેંકના સંચાલક પદ માટે (Board of Directors)ની ચુંટણી માટે ઉમેદવારી નોંધવા ઇચ્છે છે તેઓયે રૂપીયા ૫૦,૦૦૦/-ની રકમની ડીપોઝીટ અને રૂપીયા ૧૦૦૦૦/-ની રકમના શેયર્સ સામાન્ય કક્ષાની બેઠકો માટે, રૂપીયા ૨૫૦૦૦/-ની રકમની ડીપોઝીટ અને રૂપીયા ૫૦૦૦/- ની રકમના શેયર્સ અન્ય બેઠકો માટે ઉપર મુજબની શરતે ચુંટણી અધિકારીને મતદારોની/સભ્યોની યાદી સુપ્રત થાય એ પહેલાં એટલા તા. ૨૯-૧-૨૦૧૬ પહેલાં શ્રી અરિહંત બેંકમાં જમા કરવાની રહેશે/શેયર ધરાવવાના રહેશે.

જે સભ્ય/શેયર ધારક ઉપર મુજબની શરતો પરિપૂર્ણ નહી કરે તે સંચાલક પદ માટેની ચુંટણીમાં પોતાની ઉમેદવારી નોંધાવી શકશે નહી અને તેઓના ઉમેદવારી પત્રકો ચુંટણી અધિકારી રદબાતલ કરશે, જે માટે બેંક જવાબદાર રહેશે નહીં.

૨) ચુંટાયેલા સંચાલકોએ (ડાયરેટર્સ) ઉપર મુજબની ડીપોઝીટ અને શેયર્સ સંચાલક બોર્ડના નિર્ધારિત કાર્યકાલ માટે બેંકમાં જમા/ધરાવવાના રહેશે. (Full Term of Board of Directors)

**મતદાન અધિકાર :**

ડીસ્ટ્રીક્ટ કો-ઓપ. સોસાયટીના ચુંટણી અધિકારીના નિયમો અને સુચના મુજબ તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી શ્રી અરિહંત બેંકના વર્તમાન સભ્ય, જેઓના નામો તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી અરિહંત બેંકના રજીસ્ટરમાં સભ્ય/શેયર ધારક તરીકે નોંધાયેલ હશે તેવા દરેક સભ્ય/શેયર ધારક મતદાન કરી શકશે. અને તે માટે શેયર્સનો કોઈ પણ સંખ્યા બંધનકારક રહેશે નહી. બેંકની લેણા નિકળતી રકમ ન ચુકવેલ સભ્ય અથવા બેંકની ચોપડે નાદાર જાહેર થયેલ સભ્ય મતદાન કરી શકશે નહી અને ચુંટણી માટે પોતાની ઉમેદવારી નોંધાવી શકશે નહી. કાર્યશિલ અને અકાર્યશિલ (Active & Non Active) સભ્યપદનું અમલીકરણ તા. ૧-૪-૨૦૨૧ પછીની ચુંટણીઓ માટે લાગુ પડશે.

મુખ્ય પ્રબંધક (C.E.O)
**શ્રી અરિહંત કો.ઓપ. બેંક લી.**

## ''ભારતીય બેંકોની સ્થાપનામાં કેડીઓનું યોગદાન''- ભાગ ૧

**રમેશ મુલજી લોડાયા** - ભરૂડિયા, મુલુંડ - 98203 36767

પ્રાચીન સમયથી ભારતમાં બેંકીંગ વ્યવસ્થા ચાલતી આવી છે. સાહુકારો તથા દેશી બેંકરો ઉંચા વ્યાજ દરે ધીરાણ આપતા. આ વ્યાજ દર ૧૫ થી ૨૦ ટકા હતો તથા લેવડ દેવડ જો જોખમી હોય તો આ દર ચાર ગણા સુધી વધી જતો.

જ્યારે યુરોપિયનો ભારતમાં આવવા શરૂ થયા ત્યારે અહીંના સાહુકારો (સરાફો) એમની ધંધા માટેની જરૂરિયાત પૂરી પાડતા, બંગાલ બ્રિટીશ સરકારનું મુખ્ય પ્રોવીન્સ હતું અને કલકત્તા મુખ્ય શહેર બંગાલમાં ઈસ્ટ ઈંડીયા કંપની સરકાર તથા યુરોપીયન વ્યપારીઓને સ્થિર વ્યાજ દરે ધીરાણ મળી રહે તથા લોન સંગઠિત હેતુ અર્ધ સરકારી બેંકની યોજના હેઠળ અને ૧૮૦૯માં બેંક ઓફ બંગાલનો પ્રારંભ. તે સિવાય બે અર્ધ સરકારી બેંકો સને ૧૮૪૦માં મુંબઈમાં બેંક ઓફ બોમ્બે અને સને ૧૯૪૩માં મદ્રાસમાં બેંક ઓફ મદ્રાસની સ્થાપના થઈ. આ અગાઉ સને ૧૭૭૦માં કલકત્તામાં બેંક ઓફ હિન્દુસ્થાનની સ્થાપના થયેલ, જે ભારતની પહેલી યુરોપીયન બેંક હતી. ત્યાર બાદ વાણિજ્ય બેંક, કલકત્તા બેંક, ઓરીએન્ટલ બેંક જેવી ખાનગી બેંકો સ્થપાયી પરંતુ કોઈ બેંક ચાલી નહી.

જોઈન્ટ સ્ટોક કંપનીઝ એક્ટ દુનિયામાં ૧૮૪૪માં પાસ થયો જે ભારતમાં ૧૮૫૦માં પાસ થયો. જે દ્વારા મુંબઈ, મદ્રાસ અને કલકત્તાને જોઈન્ટ સ્ટોક કંપની રજીસ્ટર કરવાની સત્તા મળી. શેર ધારકોને શેર ટ્રાન્સફર કરવાની સત્તા પરંતુ શેર ધારકોની જવાબદારી અમર્યાદિત. જોઈન્ટ સ્ટોક કંપનીઝ એક્ટ ૧૮૫૦ ને બદલે જોઈન્ટ સ્ટોક કંપનીઝ એક્ટ ૧૮૫૭ અમલ થયો જે દ્વારા બેંકીંગ અને ઈન્સ્યુરન્સ કંપનીઓમાં શેર ધારકોની જવાબદારી મર્યાદીત રાખવાની છૂટ મળી. આગળ જતાં સને ૧૮૬૦માં જોઈન્ટ સ્ટોક કંપનીઝ એક્ટ ૧૮૬૦ આવ્યો જેણે ૧૮૫૭ ના કાયદાની જગ્યાએ સ્થાન લીધું અને આ કાયદા મુજબ બેંકો અને ઈન્સ્યુરન્સ કંપનીઓમાં શેર ધારકોની જવાબદારી મર્યાદીત રાખવાની પ્રથમ વખત છુટ મળી. જેનાથી બેંકીંગ વિકાસનો માર્ગ મોકળો બન્યો.

યુરોપીયન વ્યપારીઓ સ્થાનિક સરાફોનાં ધીરાણથી સંતુષ્ટ ન હતા અને તેથી પોતાના મૂળ વેપાર નીલ (ગળી) કપાસ અને અફીણી સાથે બેંકીંગ વ્યવસાયને પણ સાંકળી લીધો. પરંતુ હજુ બેંકીંગ વ્યવસાય નાના પાયા પર હતો. સને ૧૮૬૧થી ૧૮૬૫માં અમેરિકાનો આંતર વિગ્રહ ભારતમાં બેંકીંગ વ્યવસાયનાં ફેલાવાનું મુખ્ય કારણ બન્યો. આ આંતર વિગ્રહ આપણી જ્ઞાતિનાં વિકાસ અને મોટી કટી કરી માટે કારણભૂત હોઈ તેના વિશે વિગતે જાણીએ.

૧૮૬૦માં અમેરીકન પ્રમુખપદની ચુંટણી અબ્રાહમ લિંકન જીત્યા. તેઓ ગુલામી પ્રથાના નાબુદીના હિમાયતી હતા અને ઉત્તર અમેરિકાના રાજ્યોમાં સારી જીત મળી પરંતુ દક્ષિણ અમેરીકી રાજ્યો જેઓ ગુલામી પ્રથા ચાલુ રહે તેના હિમાયતી હતા ત્યાં લિંકનને વિજય મળ્યો નહીં. અમેરિકાનાં દક્ષિણના રાજ્યોને લાગ્યું કે લિંકનના પ્રમુખપણામાં સરકારમાં એમનું કોઈ વર્ચસ્વ રહેશે નહીં તેથી તેઓએ અલગ મંડળ સ્થાપવાની શરૂઆત કરી. લિંકન અમેરીકા બે વિભાગમાં વહેચાઈ જાય તેવું ઈચ્છતા ન હતા. તેમણે સુલેહના પ્રયત્નો કર્યા તેમજ જ્યાં ગુલામી પ્રથા ચાલુ છે ત્યાંના રાજ્યો ચાલુ રાખવા માંગતા હોય તો ભલે ચાલુ રાખે એવું જાહેર કર્યુ છતાં દક્ષિણનાં રાજ્યો માન્યા નહીં અને તા. ૧૨-૪-૧૮૬૧ના ઉત્તરના રાજ્યો અને દક્ષિણના રાજ્ય વચ્ચે આંતર વિગ્રહ ચાલુ થયો. ઉત્તરના રાજ્યો વિકસિત હતા અને ઉદ્યોગો ધરાવતા હતા. જ્યારે દક્ષિણનાં રાજ્યો ખેતી ઉત્પાદકો હતા અને તેનો પ્રમુખ પાક કપાસ(રૂ) નો હતો જે તેઓ બ્રિટનને નિકાસ કરતા હતા. આ વિગ્રહ ૪ વરસ જેટલો લાંબો ચાલ્યો જેમાં ૭,૫૦,૦૦૦ સૈનિકો અને અગણિત નાગરિકો મરાયા. આ વિગ્રહની ભયાનકતા એટલી હતી કે ભારત-પાકિસ્તાન સામેના અત્યાર સુધીના તમામ યુધ્ધોમાં ભારતનાં ૧૫૦૦૦ સૈનિકોના મરણ સામે આ આંતર વિગ્રહમાં અમેરીકન સૈનિકોની ખુવારી ૭,૫૦,૦૦૦ની હતી !! આ યુધ્ધ ૧૦-૫-૧૮૬૫નાં પુરું થયું.


શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**



**જ્યોતિ**

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**

બ્રિટનની મિલો કાચા માલ રૂ માટે અમેરીકા ઉપર નિર્ભર હતી. યુદ્ધને કારણે અમેરીકામાંથી આવતું રૂ બંધ થઈ ગયું. અને આ મીલોને રૂ ભારતમાંથી મંગાવવાની જરૂરિયાત ઊભી થઈ. ૧૮૬૧માં બ્રિટન ૩૧% રૂ ભારતમાંથી ઈમ્પોર્ટ કરતું હતું તે ૧૮૬૨માં ૯૦% જેટલું થઈ ગયું. એ વખતે રૂ નો ઘણો ખરો વેપાર કચ્છી દશા ઓસવાલોના હાથમાં હતો. તે ઉપરાંત ભાટીયા, લુહાણા, ખોજા, મેમણ, વોરા, પારસી, વિગેરે જ્ઞાતિઓ પણ રૂના વ્યાપારમાં પ્રમુખ હતા. માંડવી લત્તો વેપારનું મોટું મથક.

ભારતમાંથી નિકાસ થવા રૂ ના ભાવ ૧૮૬૧ ની સરખામણીએ ૧૮૬૪માં ૮ ગણા વધી ગયા. રૂ ના વેપારીઓ પુષ્કળ ધન કમાયા. વિદેશી હુંડીયામણની ચૂકવણી બુલીયન (સોના અથવા ચાંદી)માં થતી અને અઢળક સંપત્તિ ટૂંકા સમયમાં ભારતમાં આવી. લોકોની ખરીદ શક્તિમાં ખૂબ જ વધારો થતા રૂપિયાનું મુલ્ય ઘટ્યું અને ચીજ વસ્તુના ભાવ આસમાને ગયા. દુષ્કાળમાં ભાવ વધે એવી સ્થિતિ થઈ. એક જ વરસમાં મજૂરોની મજૂરી ખમણી થઈ ગઈ. મકાનોના ભાડા વધ્યા. રૂનો વેપાર કરતા ઘણી બધા વેપારીઓની જેમ કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ પાસે ઇ. સ. ૧૮૬૧થી ઇ. સ. ૧૮૬૫સુધીમાં વેપારીઓ ગમે તે ભાવે કપાસ લઈ પરદેશ ચઢાવતા ગયા. હલકું ભારે કપાસ મીક્સ કરી એક જ ભાવે વેચાવા મળ્યું રૂ ની ગુણવત્તા નષ્ટ થઈ. ગાંસડીમાં કપાસીઆ પથ્થર, ધૂળ તથા ઉંચા રૂ ની સાથે હલકા રૂ ની ભેળસેળ થવા મંડી. ગાંસડીઓમાં આગલ સારૂ રૂ અને વચ્ચમાં હલકુ રૂ ભરી લોકો વેંચવા મંડ્યા. રૂા. ૮૦ ના ભાવનું રૂ ૮૨૦ ના ભાવે વેંચાયું. બ્રિટીન પાસે કોઈ ઉપાય ન હતો. લાચાર બની રૂ ખરીદવું પડતું. આવી ગેરરીતીઓ ઘટાડવા, છેતરપીંડી રોકવા Cotton Fraud Department ઊભા કરવામાં આવ્યા, ઈન્સપેક્શન ફરજીયાત બન્યું અને આ ખર્ચને પહોંચી વળવા સરકારે દર ગાંસડીએ ૪ આનાની લેવી આવી પરંતુ કાબુમાં લાવવું મુશ્કેલ. ચારે તરફ રૂ ની લાવલાવ પરિસ્થિતિ હતી. લોકોએ પોતાના ગાદલા-ઓશીકા ફાડી રૂ વેંચ્યું.

કપાસનાં વેપારથી અઢળક સંપત્તિ આવી. એક અંદાજ મુજબ ૧૮૬૫ ના ચાર વરસનાં ગાળામાં ૮.૧ કરોડ પાઉન્ડનું હુંડીયામણ ભારતમાં આવ્યું. ખાનગી નોકરોના પગાર ગવર્મેન્ટ નોકરો કરતા વધારે થઈ ગયા. ગવર્મેન્ટ નોકરો પોતાની નોકરીઓ છોડી ખાનગી નોકરીમાં જોડાયા. આપણી જ્ઞાતિ સમૃધ્ધિનાં શિખરે બિરાજવા લાગી. આપણાં શ્રેષ્ટીઓએ સારૂં નાણું ધાર્મિક કાર્યોમાં વાપર્યું. લોકો રતલના ભાવે સોનું ખરીદવા લાગ્યા.

ક્રમશઃ

## તું જ તારો દીવો થા....

એક વાર વાતવાતમાં એક સુશિક્ષિત અને સંપન્ન મહિલાએ પૂછ્યું, મને અમારા ગુરૂઓની અમુક વાત પર સંદેહ થાય છે, પણ જો હું તેની ચર્ચા મારા પતિ સાથે કરું તો તેઓ કહે છે કે આવો સંદેહ કરાય નહીં, કર્મ બંધાય. પણ હું વિચાર્યા વિના કોઈ વાત સ્વીકારી શકતી નથી, તો શું કરું ? તેમને ડર હતો કે પોતે પાપ કરી રહ્યાં છે.

મેં કહ્યું કે તમે સાચા માર્ગે છો, જે વાત બુધ્ધિમાં ઊતરતી ન હોય તેને ન જ સ્વીકારાય. પછી મેં તેમને ભગવાન બુધ્ધનું એક સૂત્ર વાંચવા આપ્યું. સૂત્ર આ પ્રમાણે હતું : જે પણ સાંભળીએ-વાંચીએ તે બધું સત્ય હોતું નથી. માત્ર ઘણા બધા લોકો કહેતા હોય તેથી કશું માની ન લેવું. માત્ર શિક્ષકો-ગુરૂઓ-વડીલો કહેતા હોય તેથી કશું માની ન લેવું. માત્ર પરંપરા-સંસ્કૃતિ-રિવાજ સાથે સંકળાયેલું હોય તેથી કશું માની ન લેવું. માત્ર પેઢીઓથી ચાલતું આવેલું છે તેથી પણ કશું માની ન લેવું. દરેક બાબતને નિરીક્ષણ, પરીક્ષણ, તર્ક અને બુધ્ધિથી વિચારવી. દરેક બાબતને માનવમૂલ્યોની કસોટીથી કસી જોવી. ત્યાર પછી જે બાબત દરેક મનુષ્યના હિત અને વિકાસની વાત કરતી હોય તેને જ માનવી.માત્ર માનવી નહીં, અપનાવવી અને અમલમાં મૂકવી. આ સૂત્ર બે ત્રણ વાર વાંચ્યા પછી એ બહેન હળવાં અને પ્રસન્ન થયાં. તેમને જોઈ મને ખ્યાલ આવ્યો કે આપણા મનમાં કેટલી અસ્પષ્ટતાઓ, કેટલી દ્વિધાઓ અને કેટલી સાચી ખોટી માન્યાતાઓ ભરેલાં છે. ચારે બાજુ અંધારાનું સામ્રાજય છે. આંગણું તો દીવાઓ મૂકી પ્રકાશિત

અનુસંધાન ૧૭મા પાને

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

• પારસી ગારા • કસબની સાડીઓ
• ચણીયા ચોલી • ઘરચોળાની બોર્ડરો
• ચેઈક ટુ ઓર્ડર અને રેડી
માટે જાણીતા અને માનીતા

શ્રી મહાવીર એમ્બ્રોડેરી-માટુંગાનું નવું એડ્રેસ

શ્રી મહાવીર એમ્બ્રોડેરી, ૧/૩૫૬, રાજ નિકેતન બિલ્ડીંગ, માટુંગા પોસ્ટ ઑફિસ સામે, H.D.F.C. બેંકની બાજુમાં, તેલંગ રોડ, માટુંગા (C.R.) મુંબઈ - ૪૦૦ ૦૧૯.
સોમવારના બંધ

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### પ્રબોધ મુનવરે બાળ સુરક્ષાને રેલ્વેની કમિટીમાં

કચ્છ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ભુજ દ્વારા, કચ્છ જિલ્લા બાળ સુરક્ષા એકમ ભુજની રેલ્વે કમિટીમાં શ્રી પ્રબોધ હિરાચંદ મુનવરની નિમણુંક કરવામાં આવી છે. સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળના બાળકોને ઓળખ કરવા, રેલ્વે સ્ટેશને રખડતા-ભટકતા બાળકો અને ગુમ થતા તેમજ મળી આવતા બાળકો અંગે માહિતિ એકઠી કરી કાર્યવાહી કરવાની હોય છે. તેમજ આવા બાળકોને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ અપાવનાની કાર્યવાહી કરવાની હોય છે.

### શંત્રુજય તિર્થના ૧૮ અભિષેકના યાત્રિકો માટે વડાલા અચલગચ્છ જૈન સંઘ વિશેષવોથી

શંત્રુજય ગિરિરાજ પર અભિષક સ્વદ્રવ્યથી આ વર્ષે કચ્છી સમાજે સંપૂર્ણ ગિરિરાજ ઉપર અઢાર અભિષેક કરવાનાં મનોરથ સાથે અચલગચ્છાપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના ૫૦માં વર્ષિતપના પ્રવેશની અનુમોદના કરવા પાલીતાણામાં વિશેષ આયોજન કર્યુ છે ત્યારે શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ તરફથી એક આખી બોગી જેમાં ૭૨ જણને લઈ જવામાં આવશે, જેનો નકરો ફક્ત રૂા. ૪૦૦૦/- છે. જેમાં (૧) મુંબઈ થી પાલીતાણા (૨) પાલીતાણા થી મુંબઈ (૩) પાલીતાણામાં રહેવાનું (૪) જમવાનુ અને (૫) ૧૮ અભિષેકનાં અભિષકો ગિરિરાજ પર કરવાનો લાભ આ નકરામાં આવી જાય છે. વિશેષ માહિતિ માટે સંપર્ક : 09029273970

### વડાલા અચલગચ્છ જૈન સંઘ વર્ષીતપ વિશેષ વ્યવસ્થા

શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘમાં નેજા હેઠળ આપણા ઉપકારી અચલગચ્છાપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના ૫૦માં વર્ષિતપના પ્રવેશ થી ફરી. ઈશુરસનાં પારાણા સુધી તપસ્વીઓની બેયાસણા થી પારણાં વડાલા નગરે શ્રી સંભવનાથ દાદાના દરબારમાં કરાવવામાં આવશે.

વડાલાની આજુબાજુ ના પરંપરા શિવરી-હિંદમાતા-દાદર-માટુંગા-સાયન-કોલીવાડા-ચુનાભટ્ટીમાં રહેતા અચલગચ્છીય શ્રાવક-શ્રાવકાઓ જેમને વર્ષિતપમાં જોડાઈ જવું હોય તેમણે, શ્રી સંઘની ઓફીસમાંથી વર્ષિતપના ફોર્મ મેળવીને સત્વરે ભરી જવા નમ્ર વિનંતી, મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી, વહેલા તે પહેલોના ધોરણે ફોર્મ સ્વીકારવામાં આવશે.

વિશેષ માહિતી : મો.: 09029273970

### ચાલીસ ગામ નગરે ત્ર્યાન્હિકા મહોત્સવ

ચાલીસ ગામ તીર્થે પદ્મપ્રભુસ્વામી ભગવાનની છત્રછાયામાં પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા. ઠા.૩ તથા પ.પૂ. કલ્પપૂણાશ્રીજી મ.સા. ઠા.૩ની નિશ્રામાં પોષ દશમી તથા પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.નો જીવિત મહોત્સવનો ત્ર્યાન્હિકા મહોત્સવ ખૂબ ભાવોલ્લાસ પૂર્વક ઉજવાયો.

પ્રવર્ચન દરમ્યાન શ્રી પાર્શ્વ ભગવાનના જન્મ અને દિક્ષા કલ્યાણકનું મહત્વ સમજાવ્યું. છેલ્લા દિવસે ૧૫ અઠ્ઠમો તથા ૧૫ એકાસણાવાળાનું અનુક્રમે અડધો ગામ સોનાની તથા ૨૦ ગ્રામ ચાંદીની ગીનીથી બહુમાન કરવામાં આવેલ.

પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ના સંયમ અનુમોદનાર્થ - ગુરૂપૂજનનોમાં સરલાબાઈ ગંગાજર મોમાયા (ચેન્નઈ) તથા કામળી વહોરવાનો માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા (૪૦ ગામ) વારાપધરવાળાએ લાભ લીધો. તથા ફોટફ્રેમ શ્રી ચત્રભોજ માંડણ પરિવાર અને ગરમપાણીના માટલા તથા સ્ટેન્ડની માતુશ્રી નવલાબાઈ વીરચંદ મોમાયા તથા માતુશ્રી સદ્દગુણાબેન મુલચંદ લોડાયા તરફથી ઘર દીઠ પ્રભાવના કરવામાં આવેલ.

સંયમ અનુમોદનાર્થ - જ્ઞાનના ઉપકરણ -ચાંદીની કવણી તથા કસબની ખલેચી અને સંયમના ઉપકરણો અનુક્રમે ૪૦ ગામ મહાજન તથા શ્રી 'જયલક્ષ્મી' વૈયાવચ્ચ સ્મૃતિધામમાં ચિ. નેહા લલિત મોમાયા તથા અ.સૌ. નમ્રતા આશિષ અરોરા તરફથી અર્પણ કરવામાં આવેલ.

બહારગામોથી બહોળી સંખ્યામાં મહેમાનો પધાર્યા. સંઘની


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

નિયાણી તથા વહુઓએ ખૂબ સારો સહકાર્ય આપ્યો.

### શ્રી પરજાઊ સ્નેહ સંમેલન

શ્રી પરજાઊ જ્ઞાતિજનો અને નિયાણી બહેનોનું સ્નેહ સંમેલન તારીખ ૧૦-૦૧-૨૦૧૬, રવિવાર શ્રી વિજય સોસાયટી (શીશુકુંજ) ખાતે યોજાયેલ. દીપ પ્રાગ્યટ પ્રમુખ શ્રી ગુલાબભાઈ દંડના હસ્તે થયું. શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપે શ્રી ચન્દ્રપ્રભુ સ્વામી તથા શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવનાની ૨ કલાક રમઝટ જમાવેલ. શ્રી પરજાઊ મહાજન શ્રીની જનરલ મીટીંગ રાખેલ. જેમાં ગત વર્ષનાં આડીટેડ હિસાબ તથા આગામી ધ્વજા મહોત્સવ તથા બીજી ઘણી વિગતની ચર્ચા થયેલ અને શ્રી નુતન ઉપાશ્રય બાબત પણ ચર્ચા વિચારણા થયેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમની નવી કારોબારી

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ સંસ્થા કચ્છની નવી કારોબારીની સર્વાનુમતે રચના કરવામાં આવી છે. પ્રમુખ : મહેશ ખીમજી લાલકા, ઉપપ્રમુખ : અરવિંદ લાલજી લોડાયા, પ્રબોધ હીરાચંદ મુનવર, મંત્રી : લહેરચંદ આણંદજી ખોના, સહમંત્રી : રાજેન્દ્ર કુંવરજી લાલકા, ખજાનચી : નિરંજન નરશીં લોડાયા તેમજ અન્ય ૧૫ કારોબારી સભ્યોની પણ વરણી કરવામાં આવી છે.

### મૈત્રી ગ્રુપ ઘાટકોપરે ૧૦ વર્ષ પૂર્ણ કર્યા

મૈત્રી ગ્રુપની સ્થાપના નવેમ્બર (૨૦૦૫) થી કરેલી છે. મંડળે દવા-માદંગી -અનાજ- ભણતર માટે ખર્ચ કરેલ છે. એઓ આ સંસ્થા એ ૧૦ વરસ ખૂબ જ સારી રીતે પૂરા કર્યા છે. સંપર્ક : જયચંદ ઝવેરચંદ મોમાયા, વરાડીયા - ઘાટકોપર મો.: 09221726785

### ભૂલ સુધાર

શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ : અંક નં. ૪૭, પાના નં. ૧૪ ભાદરવા છઠ્ઠના બપોરના સાધર્મિક ભક્તિ નરશી દેવજી શિયાલ પરિવાર ને બદલે ભાદરવા સુદ સાતમ બપોરના સાધર્મિક ભક્તિ નરશી દેવજી શિયાલ પરિવાર વાંચવું.

### શ્રી જયંત રાહી દ્વારા નવકાર જાપ - ભાંડુપ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર તથા શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ દ્વારો અને ભાંડુપના અન્ય જૈન સંઘો ના સહયોગે નવકાર જાપનો ૨૮મો મણકો તા. ૨૪-૧-૨૦૧૬ને રવિવારના ૭.૦૦ કલાકે શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ - અનંત સિધ્ધી - ભાંડુપ મુકામે રાખેલ છે જાપ બાદ નવકારશી છે. લાભ લેવા સંપર્ક. કુમાર બાબૂભાઈ દંડ - 099209 35414

### આરીખાણા ગામે પ્રતિષ્ઠા મહોત્સવ

આરીખાણા ગામે વાછરા દાદાનું નવનિર્મિત મંદિર તેમજ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૩૦-૧૧-૨૦૧૫ સોમવારના રાખવામાં આવેલ. એમનો લાભ માતુશ્રી નાથીબાઈ લખમશી હીરજી શિયાળ હસ્તે શરદભાઈ લાલજી શિયાળ ગામ આરીખાણા હાલે મુલુંડવાળા લાભ લીધેલ. ગામવાસીઓ તેમજ બહારગામથી સારી સંખ્યામાં પધારેલ. વિધિ વિધાન માટે વિનોદભાઈ વ્યાસ વારાપધરથી પધારેલ.

---

### તું જ તારો દીવો થા....

(૧૫મા પાનાથી ચાલુ)

કર્યુ, પણ મનનું અંધારું ? તેનું શું થશે ? દીવો તો ત્યાં મૂકવાનો છે. સમજણની એવી જ્યોતિ, જેની સામે કોઈ કાળો વિચાર ટકી ન શકે. કાળાશ અજ્ઞાનની પણ હોઈ શકે, અહંકારની પણ, સ્વાર્થી વૃત્તિઓની પણ. આંગણામાં દીવા મૂકીએ છીએ, એકાદ દીવો મનમાં પણ પ્રગટાવીએ. અજ્ઞાન, વિચારહીન અનુકરણ, માન્યતાઓની કેદના અંધકારને બહારનો કોઈ પ્રકાશ દૂર કરી શકે નહીં. તેને દૂર કરવા માટે પોતે જ પોતાનો દીવો થવું પડે. પોતાનામાં પોતાને દીવો નહીં પ્રગટાવીએ ?

### લગ્ન સંબંધી

**હૈદરાબાદ સ્થિત (લોડાયા નુખ) કે.ડી.ઓ. સુંદર, સુશિલ કન્યા ઉ.વ. ૩૩, નિર્દોષ છૂટા છેડા થયેલ છે. રસ ધરાવનારા યુવકા વડીલો સંપર્ક કરે.**

**અમિત લોડાયા - 092901 56299 / 097045 20873**

**જિ**
**ના**
**જ્ઞા**

જ.૧ 1 ધર્મ નૂ 2 ગ્ગ્રે બ્રીયલુકાળ 4 અહિં સુધર્મ 6 નૂ તદીક્ષાર્થીને વં દક્કરવાથી 7 વર્ત માદીક્ષા 8 સુ . એમકી 9 પોતાનો જુ વાનજોધુ 10 હરણીનોશિકાર કરીને 11 જૈન શાસનનો સાર 12 લક્ષ્મીચં 13 પુ રૂ 14 પોતાનુ ઘંર ૧૫ આત્માની

જ.3 1 આત્મા 2 ધર્મ 3 નસીબ 4 કુ મારપાળુ મદનરે ખુ વિચારધારા 7 અનીકાચિતકર્મો 8 સાપ 9 જિનાજ્ઞા પુ સ્તક 10 શુ સામાયિક 11 જીજ્ઞાબે 12 અઈમુ ત્તામુ 13 ની વાઘિદે 14 વસિં હગુ ફાવ્યુસીની 15 પુ રબાઈ

જ.૬ 1 યમરાજ 2 સ્થુ લીભદ્રપૂ નમચંપુ દણીયોહિતે શભાઈકલ્યાણસુ 6 જયપાળ 7 ભય 8 ધર્મ નૂ પ 9 કપડા 10 શુ ક્લલે 11 શ્યામારોટ વગે 12 રે ગે બ્રીયલુ 13 ભગવાન 14 સત્કાર્યો 15 અભિદાન(નામ)

વિજેતા: 1st રે ખાબેમણીલાલ ખોના, મુ લુ ૯૭, 2nd ગીતાબે હીરાચં મોમાયા, જખૌ_ ૯૬ 3rd કલ્પનાબે જે વિકમશી, કોઇમ્બતુ _ ૯૫, 4th નયનાબે નરે લાલકા, વાશી_ ૯૪, 5th મીતાબે ખુ શાલાલકા, કલકત્તા_ ૯૩

## સમતાના સાગર, જીવનના રાહબર એવા પરમવંદનિય પૂ. માતા-પિતાને
## પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધા સુમન

**સદા આપે હુંફ અને શાતા, એનું નામ જ જન્મદાતા, પિતા છત છે માતા સર્વત્ર છે.**

બાળકને રાહ બતાવે તેનું નામ પિતા



**સ્વ. શિવજી ટોકરશી લોડાયા**
(સ્વ. તા. ૧૬/૦૧/૨૦૧૫)

ગામ :
વારાપધ્ધર



બાળકની રાહ જુએ એનું નામ માતા



**સ્વ. વિમલાબેન શિવજી લોડાયા**
(સ્વ. તા. ૦૫/૦૭/૨૦૧૪)

**રડી પડે છે આંખો અમારી.... જોઈ તસ્વીર તમારી....**
**મન હજી માનતું નથી.... કે તમો નથી વચ્ચે અમારી....**

સમગ્ર પરિવારને એક તાતાણે ગુંથી રાખનારા માતા-પિતાને ઘડીએ ઘડીએ યાદ કરનારા સંતાનો તરફથી
પવિત્ર આત્માને શાશ્વત શાંતી મળે અને ભવાંતરે મોક્ષ પ્રાપ્તી મળે
એજ હૃદય પૂર્વકની પ્રાંજલ પ્રાર્થના....

**આપની પાવન સ્મૃતિમાં આપની પરોક્ષ હાજરીને સતત અનુભવનાર....**

પુત્ર વધૂ-પુત્ર : **સૌ. નિરૂપમા હરીશ • સૌ. હેમંતી હિરેન • સૌ. વૈશાલી વિપુલ**
**સૌ. શિલ્પા ગિરીશ**

પુત્રી-જમાઈ : **સ્વ. લતાબેન હિરાચંદ ખોના • સૌ. કાશ્મીરા કિશોર ખોના**
**સૌ. જયશ્રી દિનેશ નાગડા**

પૌત્રો : **ચિ. દર્શન, આકાશ, નિરવ, બાદલ, હર્ષ**
દોહિત્ર-વહુ : **સૌ. વૈશાલી જીગર ખોના**
દોહિત્ર : **ચિ. ખંતિલ**

પૌત્રીઓ : **ચિ. જીંકલ, આયુષી**
દોહિત્ર-જમાઈ : **સૌ. દિપ્તી મિતેશ નાગડા**
દોહિત્રીઓ : **ચિ. મનાલી, સ્નેહા**

**સમસ્ત કાનજી વિરમ લોડાયા પરિવાર તથા**
**સમસ્ત અનુપમ પરિવારની ગુણાંજલિ, ભાવાંજલિ**

## નવા/બદલાયેલા સરનામા – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શાંતિલાલ જે. ધુલ્લા** | માતૃવંદના, માવતરનો મેળો, ૧૦૬, આશ્રમવાડી, બીદડા-માંડવી (કચ્છ) - ૩૭૦ ૪૩૫. |
| **પરાગ અરવિંદ લોડાયા** | ૬૦૨, ઓમપ્રકાશ વિલા, બી.પી. ક્રોસ રોડ નં. ૪, બેંક ઑફ ઈન્ડીયાની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **શ્રેણિક નરશી મોમાયા** | ૬/એ, મયૂર પંખ, બીજે માળે, નેતાજી સુભાષ રોડ, નવભારત સ્કુલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન: ૦૨૨-૨૫૬૮ ૫૩૨૦ મો.: ૦૯૩૨૩૭ ૮૫૩૨૦ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૮-૧૫ | રાયપુર | પ્રિયાંશ અંકિતા મિલન મૈશેરી | નાની સિંધોડી | પુત્ર |
| ૧૨-૦૧-૧૬ | સુરત | વંશ ગુંજન રાહુલ ગિરીશ ધરમશી | સુથરી | પુત્ર |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૧-૧૫ | રાયપુર | જીગર સતીશ ઝવેરચંદ છેડા | સુજાપુર | ૨૭ |
| | બારસી | તેજલ સોમચંદ નાગડા | નલિયા | ૨૬ |
| ૧૪-૧૨-૧૫ | કાંજુર માર્ગ | ગૌરવ મહેન્દ્ર નવીનચંદ વિકમશી | વરાડીયા | ૩૧ |
| | મુલુંડ | ડિમ્પલ શાંતિલાલ નેણસી ધરમશી | ગોએરસમા | ૩૦ |
| ૧૫-૧૨-૧૫ | જલગામ | પ્રશાંત જયચંદ તારાચંદ ગોશર | ગોએરસમા | ૩૦ |
| | પુના | યામિની યતિશકુમાર હીરાચંદ છેડા | બારાપધર | ૨૪ |

### આંતરજ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૧-૧૬ | કોચીન | જલ્પા લલિત રતનશી મોતા | નલિયા | ૨૭ |
| | ઈરનાકુલમ | હરિકૃષ્ણ સતીશ નાયર | ઈરનાકુલમ | ૨૮ |

### સગપણ - છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૧-૧૬ | મુલુંડ | ચિત્રાંગ મયૂર લાલજી મોતા | તેરા | ૨૬ |
| | અમદાવાદ | ચાંદની વિરેન્દ્ર છેડા | સુથરી | ૨૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧-૧૬ | બરોડા | હેમાબેન નવીનચંદ્ર કુંવરજી ધરમશી | સુથરી | ૮૪ |
| ૧૧-૧-૧૬ | ઘાટકોપર (વે) | કિર્તી રમેશ મેઘજી લોડાયા (ભાભાવાળા) | મોટી ખાવડી | ૩૦ |
| ૧૨-૧-૧૬ | કારંજા | લીલાવતી શીવજી મોતા | સુથરી | ૮૯ |
| ૧૨-૧-૧૬ | ધાવણગીરી | તરલાબેન ગુલાબચંદ સોની | કુમઠા | ૭૧ |
| ૧૩-૧-૧૬ | | ખીમજી શીવજી મોતા | કોઠારા | - |
| ૧૩-૧-૧૬ | ગોએરસમા | કસ્તુરબાઈ કેશવજી પોલડીયા | ફૈઝાપુર | ૮૨ |
| ૧૪-૧-૧૬ | | પુરબાઈ કેશવજી મૈશેરી | મોટી સિંધોડી | ૮૫ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## જલગામ ક.દ.ઓસવાલ ખેલોત્સવ દ્વિતીય

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સમાજ જલગામમાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના પ્રથમ ખેલોત્સવની ભવ્ય સફળતાથી પ્રેરાઈ ખેલોત્સવ દ્વિતીયનું ભવ્ય આયોજન રવિવાર ને તા. ૩/૧/૨૦૧૬ના રોજ જૈન સ્પોર્ટસ એકેડમી જલગામના ગ્રાઉન્ડ પર સંપન્ન થયેલ.

કાર્યક્રમની શરૂઆત સંપૂર્ણ કાર્યક્રમના મુખ્ય દાતા શ્રી સુશીલભાઈ શાહ, ક.દ.ઓ.ના યુવા અધ્યક્ષ શ્રી કલ્પેશભાઈ છેડા, જૈન સ્પોર્ટસ એકેડમી મેદાનના સંચાલક શ્રી અતુલભાઈ જૈન, ક.દ.ઓ.ના સેક્રેટરી શ્રી કેતનભાઈ નાગડા તથા ચારેય ટીમના ઓનર ના હસ્તે દીપ પ્રજ્વલીત કરી 'ખેલોત્સવ દ્વિતીય ની શરૂઆત કરવામાં આવી હતી.

આ ખેલોત્સવમાં ક્રિકેટ ટુર્નામેન્ટ તથા વિવિધ પ્રકારની ગેમ્સમાં બહુ સારી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી અને સારી સંખ્યામાં બધી રમતોમાં ભાગ લઈ ખેલોત્સવનો આનંદ માણ્યો. ક્રિકેટમાં ભાગ લઈ ખેલોત્સવનો આનંદ માણ્યો.

ક્રિકેટમાં ૬૦ ખેલાડીઓ મેદાનમાં ઉતર્યા હતા. એમની સ્પોન્સર ટીમ ઓનરના નામોના આધારે : જૈનમ સ્ટાર - શ્રી અશોક લાલજી પોલડીયા, પોલડીયા ટાઈટન્સ - શ્રી રાજેન્દ્ર વેલજી પોલડીયા, રોયલ કચ્છી ચેલેન્જર્સ - શ્રી દીનેશ કુલીનકાંત લોડાયા તથા છેડા સુપર કીંગ્સ - સૌ. શિલ્પા કલ્પેશ છેડા એમ ચાર ટીમ બનાવવામાં આવી.

ચારેય ટીમને એક-મેક સામે મુકાબલો કરી આગળ વધવાનું હતું. ફાઈનલમાં છેડા સુપર કીંગ્સ તથા રોયલ કચ્છી ચેલેન્જર્સ આમને-સામને થયા. જેમાં છેડા સુપર કીંગ્સ ૫૫ રન થી ભવ્ય વિજયી રહ્યા અને K.D.O. ટ્રોફીના હકદાર થયા. જેમા સ્ટાર ઓફ ધી ટુર્નામેન્ટ ચિ. કુણાલ દીપક શાહ, બેસ્ટ બોલર ચિ. કુશલ ભરત લોડાયા, બેસ્ટ બેટસમેન ચિ. રવિશ ભરત લોડાયા જાહેર થયા.

આ ખેલોત્સવમાં બાળકો તથા મહિલાઓ માટે વિવિધ પ્રકારની ગેમ્સ સંગીત ખુરશી, બેકરેસ, સેકરેસ, લીંબુ ચમચા, પાસીંગ રીંગ, ફ્રોગ જંપ, પોટેટો રેસ તથા મહિલાઓ માટે ખાસ મહિલા ક્રિકેટનું આયોજન કરવામાં આવેલ. મહિલા ક્રિકેટમાં કિવિન્સ ટીમ વિજયી રહી. સૌ મેઘના ખોના વુમેન ઓફ ધ મેચ થયા.

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ તર્ફે વર્ષીતપના તપસ્વી સૌ. ભારતીબેન ભરત લોડાયા, સૌ. શિલ્પા કલ્પેશ છેડા, શ્રી અજય રતનશી સોની તથા શ્રી ચંદ્રેશ નાગડાનું બહુમાન લકી ડ્રો ના વિજેતા ના હસ્તે સન્માન કરવામાં આવેલ.

ખેલોત્સવ દ્વિતીયના મુખ્યદાતા શ્રી સુશીલભાઈ ખોના K.D.V.O. ના અધ્યક્ષ શ્રી ધનપતિભાઈ મોમાયા, K.D.O. અધ્યક્ષ કલ્પેશભાઈ છેડા, સેક્રેટરી શ્રી કેતનભાઈ નાગડા, ઉપાધ્યક્ષ પંકજભાઈ મોમાયા, ક્રિકેટ ટીમ ઓનર, શ્રી અશોકભાઈ પોલડીયા, શ્રી રાજેન્દ્રભાઈ પોલડીયા, શ્રી દિનેશભાઈ લોડાયા, સૌ. શિલ્પાબેન છેડા, બીજા બાર વેલ વિસર્સ શ્રી ધનપતીભાઈ મોમાયા, નવીનચંદ્ર ખોના, હીરાચંદભાઈ મોમાયા, ઝવેરચંદભાઈ લોડાયા, હીરેન નાગડા, યોગેન્દ્રભાઈ ગોસર, શ્રી સુનીલ નાગડા, શ્રી નરેન્દ્રભાઈ મોમાયા, શ્રી સંજય સોની, શ્રી લલીત લોડાયા, શ્રી કેતન નાગડા, શ્રી હેમંતભાઈ માયા તથા પ્રોજેક્ટ ચેરમેન ચિ. સિધ્ધાંત પોલડીયા તથા સૌ. ચેતના મોમાયા તથા વિશેષ સહકાર બદલ શ્રીમતી મંજુલાબેન ઓસવાલ ને મોમેન્ટો આપી સન્માનવામાં આવ્યા. મંચ પર પધારેલ મહાનુભાવોના હસ્તે વિજયી થયેલ ટીમ તથા દરેક ખેલાડીઓને ટ્રોફી - મેડલ્સ આપી સન્માનીત કરવામાં આવેલ.

આ કાર્યક્રમને યશસ્વી બનાવવા પ્રોજેક્ટ ચેરમેન ચિ. સિધ્ધાંત પોલડીયા તથા ચેતના મોમાયા, અધ્યક્ષ કલ્પેશ છેડા, ઉપાધ્યક્ષ પંકજ મોમાયા, સેક્રેટરી કેતન નાગડા તથા K.D.O. કારોબારીએ ખૂબ જ મહેનત લીધી.

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ :** શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા. ૨૯-૦૧-૨૦૧૬ને શુક્રવારના સવાર ૧૦ વાગ્યાથી ૧ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સ (જૈન કોમ્પ્લેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ)માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ તેમજ કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૩૦-૦૧-૨૦૧૬ સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૪ સુધી તથા રવિવાર તા. ૩૧-૦૧-૨૦૧૬ના સવારના ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના કાંજુરમાર્ગમાં રૂા. ૫૦/- અને ચેંબુરમાં રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહશે. શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

# જલગામ ક.દ.ઓસવાલ ખેલોત્સવ દ્વિતીય



જૈન એકેડમીના સંચાલક શ્રી અતુલ જૈનનું સન્માન કરતાં જલગામ K.D.O. જ્ઞાતિના અધ્યક્ષ શ્રી કલ્પેશ છેડા સાથે મુખ્ય દાતા શ્રી સુશીલ શાહ અને K.D.O. કારોબારી સમિતિના સદસ્ય.



દીપ પ્રજ્વલન કરતાં શ્રી અતુલ જૈન, મુખ્ય દાતા શ્રી સુશીલ શાહ, ચાર ટીમો ના માલિક K.D.O. અધ્યક્ષ, કારોબારી સદસ્ય અને પ્રોજેક્ટ ચેરમેન



રમત ગમતનું આનંદ માણતા જ્ઞાતિના બાળકો



સંગીત ખુરશી રમતાં જ્ઞાતિની બહેનો



કવીનસ અને એન્જલ્સ લેડિસ ક્રિકેટ ટીમની બહેનો



વર્ષી તપના તપસ્વી શ્રી અજય સોની, સૌ. શિલ્પા છેડા, સૌ. ભારતી લોડાયા



વિજયી જલ્લોસ કરતાં ખેલાડીઓ



વિજયી ટીમ છેડા સુપર કિંગ્સ K.D.O. Trophy સાથે સૌ શિલ્પા છેડા



ચારેય ટીમના ખેલાડીઓ સાથે મુખ્ય દાતા અને ચારેય ટીમના માલક



ઇનામ વિતરણ નું સંચાલન કરતા ચિ. સિધ્ધાંત પોલડીયા અને ખેલોત્સવમાં જ્ઞાતિ જનોની હાજરી



કુ. સેજલ
લીપીકા અને રાજેશ મૈશેરી ની સુપુત્રી
ગામ :- લાલા
હાલે : આદીપુર (કચ્છ)

# હાર્દિક અભિનંદન

ઉત્કલ યુવા સંસ્કૃતિ સંઘ, કટક - ઓડિસા દ્વારા આયોજીત
૭ મા કટક મહોત્સવમાં નેશનલ ડાન્સ અને મ્યુઝિક કોમ્પીટીશનમાં
ભારતનાટ્યમ્‌માં સોલો ડાન્સમાં પ્રથમ સ્થાન મેળવી પરિવારનું તથા
જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ અંતરના અભિનંદન સહ
ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ...
વધુમાં તેણીએ નાની ઉંમરમાં ગત વર્ષે ભારતનાટ્યમ્‌માં
આરંગેત્રમ્‌ની પદવી પણ પ્રાપ્ત કરેલ છે.

**શુભેચ્છકો**

માતૃશ્રી ઝવેરીબેન મુલજી મૈશેરી પરીવાર
દાદાણા
(લાલા - આદીપુર)

માતૃશ્રી પુષ્પાબેન ચંદ્રકાન્ત દંડ પરીવાર
નાનાણા
(તેરા - આદીપુર)



## શ્રી નલિયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ

આયોજિત
તલેગાવ - પુના - કારતક ચૈત્ય પરિપાટીની
ફોટો ઝલક
રવિવાર, તા. ૧૦-૦૧-૨૦૧૬













# SHRI KUTCHI DASHA OSWAL JAIN ABHYUDAYA TRUST

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ

સંચાલિત માતુશ્રી મૌંઘીમાં નાગશી જીવરાજ દેવાણી કન્યા છાત્રાલય જામનગર

જય જિનેન્દ્ર,

સહર્ષ જણાવવાનું જે આપણી ઉપરોક્ત સંસ્થા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેમા કન્યા છાત્રાલય દિકરીઓ દ્વારા નાટક ''આખુ આકાશ મારી આખોંમાં'' રજુ કરવામાં આવશે. આ દ્વારા દિકરીઓ વધારેમાં વધારે જ્ઞાતિજન સમક્ષ પોતાની કલા, કૌશલ્ય અને હુનરની રજુઆત કરી શકશે. આ કાર્યક્રમમાં સંસ્થાના સર્વે દાતાશ્રીઓ, જ્ઞાતિશ્રેષ્ઠીઓ, હિતેચ્છુઓ તેમજ ભુતપૂર્વ દિકરીઓને આમંત્રણ / પ્રવેશ પાસ મોકલવામાં આવેલ છે. સરતચુકથી ન મળેલ હોય તો સંસ્થાના કાર્યકર્તાનો સંપર્ક કરવા વિનંતી.

શનિવાર,
તા. ૨૩/૦૧/૨૦૧૬,
-: સમય :-
રાત્રે ૭.૦૦ કલાકે

-: સ્થળ :-
ઝવેરબેન
પોપટલાલ સભાગૃહ,
ઘાટકોપર.




લી.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ બોર્ડવતી
ટ્રસ્ટીગણ તથા કારોબારી સમિતી ના જય જિનેન્દ્ર

નોંધ : જ્ઞાતિજનો માટે પ્રવેશ પાસનું વિતરણ વહેલો તે પહેલો ધોરણે કરવામાં આવશે.
તા. ૧૯/૧/૨૦૧૬ અને તા. ૨૦/૧/૨૦૧૬ ના સાંજે ૫ થી ૭ દરમિયાન
સંપર્ક : ૧) અલ્પા છેડા (૮૧૦૮૯૬૮૨૮૩) ભાંડૂપ - મુલુંડ, ૨) ભારતી ધરમશી (૯૩૨૪૧૨૪૭૪૧) ડોંબિવલી,
૩) મુકેશ લોડાયા (૯૩૨૨૯૬૫૯૪૭) ઘાટકોપર

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## જ્ઞાતિના વિદ્વાન અનુવાદક શ્રી કરમશી પીરના પુસ્તકને પારિતોષિક



શ્રી કરમશી પીરના પુસ્તક 'બહુવચન'વચનને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૨નું અનુવાદ વિભાગનું પ્રથમ પારિતોષિક મળેલ છે.

ક્ષિતિજ સંશોધન પ્રકાશન કેન્દ્ર દ્વારા અતિ સુંદર મુદ્રણમાં પ્રકાશિત થયેલ આ પુસ્તક, છેલ્લાં પચાસ વર્ષ દરમ્યાન એમણે વિશ્વભરના મૂર્ધન્ય સાહિત્યકાર, વિવેચકો, ફિલસૂફો, કળાકારોના ઉત્તમ લેખોનો અતિ રસાળ શૈલીમાં કરેલ અનુવાદોનો સંગ્રહ છે.

અંગ્રેજી ન જાણતા કે ઉત્તમ શું છે તે ન જાણતા ભાવકો માટે અહીં તૈયાર સામગ્રી છે.

વિવિધ વિષયોની સૂઝપૂર્વકની પસંદગી એમની બહુશ્રુતતાનો અને વિષય પ્રત્યેની એમની લગની સૂચવે છે.

આ પુસ્તકમાં રવીન્દ્રનાથ ટાગોર, સત્યજિત રાયશ્રી લઈને હાઈડેગર સુધીના લેખકોના લેખ સમાવિષ્ટ છે.

ગુજરાતીના ઉત્તમ લેખકો, કવિઓ અને વિવેચકોએ આ પુસ્તકને બિરદાવ્યું છે. માત્ર સાહિત્યકારો જ નહીં પરંતુ કોઈ પણ રસિકજન માટે 'બહુવચન' એક મહામૂલો ગ્રંથ છે.

## અભિનંદન





તેં ખૂબ વધારી સમસ્ત પરિવારની શાન

### ચિ. નિમિત સતિશ નાગડા

ગામ : પરજાઉ

ચિ. નિમિત નાગડા એ H.S.C. (Science)માં 86% ગુણાંક મેળવી પોતાની શૈક્ષણિક કારકિર્દિને યશસ્વી બનાવી છે.

આ સિધ્ધિ બદલ તેને કોઈમ્બતુરમાં તામિલનાડુ ગુજરાતી સમાજે તા. ૧૩-૧૨-૨૦૧૫ના એવૉર્ડ આપી સન્માનિત કર્યા. અંતરભીના અભિનંદન, હંમેશા જીવનના દરેક ક્ષેત્રે વધુ ને વધુ સિધ્ધિઓ તેમજ વધુને વધુ પ્રગતિ હાંસલ કરે એમ અમારી શુભકામના તેમજ શુભાશિષ.

## ફુલ ગયું ને ફોરમ રહી

જન્મ :
તા. ૨.૪.૧૯૫૫



દેહ વિલય :
તા. ૨૦.૧.૨૦૧૫

### હિરાચંદ કેશવજી ડાઘા

ગામ : દલતુંગી - હાલ : વડાલા

હે વિધાતા આવા લેખ લખતાં તારૂં કાળજું કેમ ચાલ્યું ?
અકાળે પાનખર બેઠી ને પાંદડું ખર્યું
હજુ તો વસંત બેઠી ન બેઠી ત્યાં તો ફુલ ખરી પડ્યું.

અલ્પ આયુષ્ય ને જ્વલંત સિધ્ધી,
કાળના એક ઝાટકાએ ઝુંટવી લીધી.

❖ અશ્રુભિની શ્રધ્ધાંજલિ ❖

**માતુશ્રી વિજયાબેન કેશવજી ડાઘા પરિવાર**

if undelivered, please return to :
C.D.O. PRAKASH SAMIKSHA, C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : RAICHAND R. NAGDA on behalf of C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner) and Printed at THE NEW MILLENNIUM PRINTERS, 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
Editor : Raichand R. Nagda

To,